### અમદાવાદમાં આજે ૪૫ ડિગ્રી તાપમાન રહેવાની આગાહી

# રાજયમાં પુનઃ હિટવેવની ચેતવણી

## ગુજરાતમાં કાળઝાળ ગરમીનું મોજુ યથાવત રહેતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા : સૌથી વધુ ગરમી અમદાવાદમાં ૪૪.૩ ડિગ્રી : ગરમી હજુય વધશે

અમદાવાદ, તા.૨૦

ગરમીની ચાલુ મોસમમાં અમદાવાદમાં બીજીવાર મહત્તમ તાપમાન ૪૪.૩ ડિગ્રી આજે નોંધાતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. રાજ્યમાં પણ કાળઝાળ ગરમીનું તીવ્ર મોજુ આજે પણ ચાલુ રહ્યું હતું. સમગ્ર રાજયમાં આકાશમાંથી અગનજવાળાઓ વરસી હતી. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ૧૨ કલાક સુધી સમગ્ર ગુજરાતમાં હિટ વેવ ફરી વળે તેવી શક્યતા છે. બપોરે ધરતી ધગધગતી થઈ હતી અને રસ્તાઓ ઉપર લોકોને દાહ દેતી ગરમીનો અનુભવ થયો હતો. રસ્તા ઉપરનો ડામંર ગરમ થતાં જવાળાઓ દઝાડતી હતી અને આંખોમાં બળતરા થતી હતી. બપોરે લોકોએ કામ સિવાય ઘર કે ઓફીસની બહાર જવાનું ટાળ્યું હતું. રાત્રે પણ વાતાવરણ ગરમ રહ્યું હતું.

રાજયના ૧૧ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દિવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કાળઝાળ ગરમીનું મોજુ ચાલુ રહેશે. અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૪.૩ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૫૪ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૧૭ ટકા નોધાયુ હતુ. ગરમીનું પ્રમાણ વધતા પંખા, એસીનો ઉપયોગ સતત વધી રહ્યો છે. ઉપરાંત ઠંડાપીણાના ઉપયોગમાં વધારો થઈ રહ્યો છે. તડબુચ કેરીઓની બોલબાલ વધી રહી છે. જુદા જુદા તરીકાઓ લોકો ગરમીથી બચવા માટે અજમાવી રહ્યા છે. રાજયમાં મહત્તમ તાપમાન અમરેલીમાં ૪૪.૦, કંડલા એરપોર્ટ ૪૩.૮, ભુજ ૪૧.૭, સુરેન્દ્રનગર ૪૩.૮, રાજકોટ ૪૩.૬, વડોદરા ૪૨.૩, સુરત ૩૫.૫, ગાંધીનગર ૪૩.૨, ડિસા ૪૩.૪, ઈડર ૪૩.૬, ભાવનગર ૪૦.૧, મહુવા ૩૭.૪, નલીયા ૩૫.૬, વલસાડ ૩૫.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.


પંજાબ નેશનલ બેંકમાં મેડિકલ અને એન્જિનિયરીંગના પ્રવેશ ફોર્મ આપવાની શરૂઆત થઈ હતી.

### સુપ્રીમ કોર્ટ દ્વારા રાજય સરકારની ટિકા

# વિદ્યાસહાયકોના ફિક્સ પગાર મુદ્દે રાજય સરકારની ઝાટકણી

## વિદ્યા સહાયક યોજનામાં શિક્ષકો સાથે હેલ્પર જેવું વર્તન બુધવાર સુધીમાં જવાબ આપવા રાજય સરકારને આદેશ

અમદાવાદ, તા.૨૦

ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક શાળામાં પગારથી રખાતા વિદ્યા સહાયકોની વહારે સુપ્રિમ કોર્ટે આવી છે અને ગુજરાત સરકારની આ વિદ્યા સહાયક યોજનાની સુપ્રિમ કોર્ટે ભારે કડક વલણ અપનાવીને આલોચના કરી છે. એટલું જ નહીં સુપ્રિમ કોર્ટે એવું પણ અવલોકન કર્યું છે કે ગુજરાત સરકારે વિદ્યા સહાયક યોજનામાં શિક્ષકોને બદલે જાણે કે "હેલ્પર" રાખ્યા છે. સુપ્રિમ કોર્ટે બુધવાર સુધીમાં આ અંગેનો જવાબ આપવા સરકારને જણાવ્યું છે.

પ્રાથમિક શાળામાં નિયમિત પગારથી શિક્ષકોની ભરતી કરવાના બદલે રાજ્ય સરકારે રૂપિયા ૨૫૦૦ના ફિક્સ પગારથી વિદ્યા સહાયકોની ભરતીની યોજના અમલમાં મુકી હતી. પાંચ વર્ષ સુધી ફિક્સ પગારથી નોકરી કર્યા બાદ તેમને નિયમિત વેતન અને રજાના અન્ય લાભો આપવામાં આવે છે. વિદ્યા સહાયકની આ યોજના ખરેખર તો ભાવિ પેઢી તૈયાર કરનાર શિક્ષકોનું આર્થિક શોષણ છે અને સરકારે ફિક્સ પગારને બદલે નિયમિત વેતન એટલે કે પુરેપુરો પગાર આપવો જોઈએ એવી માંગણી સાથે શિક્ષકોની એક સંસ્થાએ હાઈકોર્ટમાં ધા નાંખી હતી.

હાઈકોર્ટમાં ગુજરાત સરકારની હાર થઈ હતી અને ગુજરાત હાઈકોર્ટ પણ કડક વલણ અપનાવીને એમ કહ્યું હતું કે વિદ્યા સહાયકોને ફિક્સ પગારને બદલે તેઓ જે દિવસે શિક્ષકની નોકરીમાં જોડાયા હોય તે દિવસથી તેને પે સ્કેલ પ્રમાણેનો પુરેપુરો પગાર મળવો જોઈએ. હાઈકોર્ટના આ ચુકાદાની સામે ગુજરાત સરકારે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી હતી. જેની સુનાવણી નીકળતાં સુપ્રિમ કોર્ટે પણ ગુજરાત હાઈકોર્ટની જેમ રાજ્ય સરકાર સામે કડક વલણ અપનાવીને ગુજરાત સરકારને આંચકારૂપ અવલોકન કર્યુંછે.

સુપ્રિમ કોર્ટે અવલોન કરતાં નોંધ્યું હતું કે જ્યારે સમગ્ર દેશમાં શિક્ષણના અધિકાર કાયદાનો અમલ થઈ ગયો છે ત્યારે એવા સમયે પ્રાથમિક શાળામાં પૂર્ણકાલીન અને પેસ્કેલ પ્રમાણે શિક્ષકોની ભરતી કરવાને બદલે ૨૫૦૦ રૂપિયાના માસિક પગારથી વિદ્યા સહાયકોની ભરતી કઈ રીતે કરી શકાય ? કોર્ટે એવી ટિપ્પણી કરતાં કહ્યું કે વિદ્યા સહાયક તરીકે નિમણુક પામેલ શિક્ષકો ખરેખર તો વિદ્યાના શત્રુ વધારે હોય તેમ જણાય છે. કોર્ટે ગુજરાત સરકારને બુધવાર સુધીમાં તેનો જવાબ રજુ કરવા આદેશ આપ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં અંદાજે ૧ લાખ કરતા વધુ વિદ્યાસહાયકોની ભરતી થઈ છે. વાસ્તવમાં આ યોજના રાજપા સરકાર વખતે તત્કાલીન મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની હતી અને તેમણે તેને બાલગુરુ સહાય યોજના એવું નામ આપ્યું હતું. પરંતુ રાજપા સરકારમાં તેનો અમલ થઈ શક્યો નહોતો. ત્યારબાદ જે સરકાર આવી તેમાં ૨૦૦૨માં મોટા પાયે ફિક્સ પગારથી સરકારી નોકરીઓમાં ભરતીનો તબક્કો શરૂ થયો હતો. પ્રાથમિક શાળા ઉપરાંત માધ્યમિક શાળામાં, કોલેજોમાં અને સરકારી કચેરીઓમાં પણ ફિક્સ પગારથી નોકરી આપવાનું વલણ અખત્યાર કરવામાં આવ્યું હતું. જો કે સુપ્રિમ કોર્ટના આજના અવલોકનથી જેઓ ફિગ્સ પગારમાં પૂર્ણકાલીન શિક્ષકની નોકરી કરી રહ્યા છે તેમના માટે આ એક આશાના કિરણ સમાન છે. જો સુપ્રિમ કોર્ટ પેસ્કેલ પ્રમાણે પગાર આપવાનું જણાવે તો ગુજરાત સરકાર પર કરોડો રૂપિયાનું વધારાનું આર્થિક ભારણ આવી શકે તેમ છે. કેમ કે સરકારે તેમને પાછલી અસરથી છઠ્ઠા પગારપંચ પ્રમાણે પગાર ધોરણે ચૂકવવા પડે.

# ગરમી વધતા શહેરમાં ઝાડા, ઉલ્ટીના કેસોમાં તીવ્ર વધારો

અમદાવાદ, તા.૨૦

શહેરમાં ગરમીના પ્રમાણમાં થયેલા તીવ્ર વધારાના પગલે ઝાડા ઉલ્ટીનો રોગચાળો ફાટી નીકળ્યો છે. શહેરમાં માત્ર એક જ દિવસમાં ઝાડા ઉલ્ટીના બાવન કેસ અને મે મહિનામાં ૫૯૪ કેસ નોંધાયા છે. મધ્ય ઝોન સહીત અનેક વિસ્તારોમાં પીવાનું પાણી પ્રદુષિત આવતું હોવાની સંખ્યાબંધ ફરીયાદો ઉઠવા પામી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે અને તેના પગલે પ્રદુષિત પાણી અને ઝાડા ઉલ્ટીના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. આજે ઝાડા ઉલ્ટીના બાવન કેસ નોંધાયા છે જેમાંથી દક્ષિણ ઝોનના ૨૩, પૂર્વ ઝોનના ૧૬ કેસ છે. જ્યારે ચાલુ મહિનામાં ઝાડા ઉલ્ટીના ૫૯૪, મેલેરીયાના ૫૦૭, ફાલસીપારમ ૬, ડેન્ગ્યુના ૧૨ કેસ નોંધાયા છે. શહેરનાં અનેક વિસ્તારોમાંથી પ્રદુષિત પાણીની ફરીયાદો ઉઠી છે જેમાં કાલુપુર, જમાલપુર, બાપુનગરમાં આવેલી ચાલીઓ વગેરેનો સમાવેશ થાય છે. મધ્યઝોનમાં ડ્રેનેજલાઈન અને મેનહોલનું ડિસ્લિટીંગ કરવા માટે રૂા. ૧ કરોડના ખર્ચે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને સીસીટીવી કેમેરાથી વીડીયોગ્રાફી કરવાની વિચારણા મ્યુનિસિપલ સત્તાવાળાઓએ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

મધ્યઝોનમાં પાણીના ૮૦ ટકા જોડાણો ગેરકાયદેસર છે પાઈપલાઈનો ખુબ જુની અને લીકેજવાળી છે, ઉનાળામાં મોટાપાયે મોટર દ્વારા પાણી ઉલચેવામાં આવતું હોવાથી વારંવાર રોગચાળો ફેલાય છે. આથી આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે મ્યુનિ. સત્તાવાળાઓ દ્વારા એક કોમ્પ્રીહેન્સીવ પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેની જાહેરાત આગામી ૨૦ દિવસમાં કરવામાં આવે તેવી શક્યતા છે.

# ટીવાય બીએસસીનું ૬૧.૪૪ ટકા પરિણામ

અમદાવાદ, તા.૨૦

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ટી.વાય.બી. સાયન્સનું પરીણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીએ ૬૧.૪૪ ટકા જેટલું ઉચું પરીણામ જાહેર કરાતા વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં લેવાયેલી પરીક્ષાઓના પરીણામ જાહેર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેનાં ભાગરૂપે આજે ટી.વાય.બી.સાયન્સ રેગ્યુલરનું પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું. ટી.વાય.બી.સાયન્સનું પરીણામ ૬૧.૪૪ ટકા જેટલું ઉચું આવતા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે માર્ચ-૨૦૧૩માં લેવાયેલ ટી.વાય.બી.સાયન્સની પરીક્ષામાં કુલ ૪૫૦૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

જેમાંથી ૭૪૨ વિદ્યાર્થીઓ ફર્સ્ટક્લાસ મેળવવામાં સફળ રહ્યા છે. ૧૫૪૨ વિદ્યાર્થીઓએ સેકન્ડ કલાસ અને ૪૭૧ વિદ્યાર્થીઓએ પાસ ક્લાસથી સંતોષ માનવો પડ્યો હતો. તો ૮૯૬ વિદ્યાર્થીઓને નાપાસ જાહેર કરાયા હતા. ૧૨૫ વિદ્યાર્થીઓનું પરીણામ અનામત રખાયું છે.



જુદા જુદા મુદ્દાઓને લઈને રિક્ષા ચાલકોની રેલીનું આયોજન થયુ હતુ.

# અમીનની અરજી વિરુદ્ધ સીબીઆઈની રિવિઝન અરજી

અમદાવાદ, તા.૨૦

દેશભરમાં ચકચાર જગાવનાર ઈશરત જહાઁ એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા તત્કાલીકન ડી.વાય.એસ.પી. નરેન્દ્ર અમીનની ખાનગી હોસ્પીટલમાં સારવાર આપવા અને હોસ્પીટલમાં રહેવાની સગવડ માંગતી અરજી સામે સીબીઆઈએ નામદાર કોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરી છે. જેની સુનાવણી આગામી ૨૨મે ના રોજ યોજાશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવા ચાર ત્રાસવાદીઓ આવી રહ્યા હોવાની બાતમીનો આધાર લઈ ઈશરત જહાઁ એન્કાઉન્ટર ચાર શખ્સોને એન્કાઉન્ટરમાં ઠાર કરાયેલા કેસમાં સીબીઆઈએ ૬ જેટલા પોલીસ અધિકારીઓની ધરપકડ કરી કાર્યવાહી કરી છે.

ઈશરત જહાઁ એન્કાઉન્ટરમાં પૂર્વ ડી.વાય. એસ.પી. નરેન્દ્ર અમીન પણ સંકળાયેલા અમીનને સ્લીપ એપનિયા, હાર્ટ ડિસિસ, જેવી બિમારીઓ હોવાથી તેમણે સીબીઆઈ કોર્ટમાં ખાનગી હોસ્પીટલમાં ટ્રીટમેન્ટ સાથે રહેવાની સંમતિ માંગતી અરજી કરી હતી. અરજીમાં તેમણે અલગ અલગ શારીરિક બમારીઓનો ઉલ્લેખ કરી ટ્રીટમેન્ટની માંગ કરી હતી. બીજીતરફ સીબીઆઈ દ્વારા અમીનની આ અરજીને પડકારતી રિવિઝન અરજી નામદાર કોર્ટમાં દાખલ કરાઈ છે જેની સુનાવણી ૨૨મે ના રોજ યોજાશે.

## શબ્દાવલી - ૫૦૬૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ૫ | ૬ |
| | ■ | ૭ | ૮ | ■ | ૯ | | |
| | ■ | ૧૦ | | ૧૧ | | ■ | |
| ૧૨ | ૧૩ | | ■ | | ■ | ૧૪ | |
| ■ | | ■ | ૧૫ | | ૧૬ | ■ | |
| ૧૭ | | ૧૮ | ■ | ■ | | ■ | |
| | ■ | ૧૯ | | | | ૨૦ | ■ |
| ૨૧ | | | ■ | ■ | ૨૨ | | |

### આડી ચાવી

૧. ક્રમમાં આગળ રાખી,... આપવી (૩)
૩. સંચાલન કરનાર (૪)
૭. પ્રવાહી, ફળોનો... (૨)
૯. પેન્સિલનું લખાણ... થી ભુંસાઈ જાય (૩)
૧૦. વગોવવું, ... કરવી (૪)
૧૨. નાકે પહેરાય, નથ (૩)
૧૪. ... મારવી, બુમ પાડવી (૨)
૧૫. જુદ્દુ, અલગ (૩)
૧૭. દુકાન, હાટ (૩)
૧૯. ... થવો, ઝગારા-તેજ મારવું (૫)
૨૧. કુલ, સમગ્ર (૩)
૨૨. નવું..., સાવ નવું (૩)

### ઊભી ચાવી

૧. ઉપવાસ (૪)
૨. તારવીને કાઢવું, ... કરવી (૪)
૪. લોટ ચાળવા માટે... જોઈએ (૩)
૫. હોઠ, ઓષ્ઠ (૨)
૬. કર્મની કથની, કર્મના લેખાજોખા (૬)
૮. સંબંધી, સાચો...પાડોશી (૨)
૧૧. પાણીમાં પથ્થર નાખતાં કુંડાળા થાય તે (૩)
૧૩. ઝાપટ, લાફો (૩)
૧૬. ... ગાવા, ગુણોનું વર્ણન કરવું (૪)
૧૭. ... રાખો, બીક બતાવવી (૩)
૧૮. પેટ્રોલ... ના ભાવ બહુ વધ્યા કરે છે (૩)
૨૦. મુંડન કરાવેલો (૩)

### શબ્દાવલી ૫૦૬૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) બાલીશ (૪) ઐરાવત (૮) કપરા (૯) વડીલ (૧૦) બનાવટી (૧૩) જર્શી (૧૪) ઉત્તરાયણ (૧૬) પરાયણ (૧૭) હૂનર (૧૯) રાગ (૨૦) બલા (૨૧) દાસ (૨૨) ખાલી (૨૩) મરમ

**ઊભી ચાવી :-** (૧) બાકસ (૨) લીપ (૩) શરાબ (૫) રાવટી (૬) વડી (૭) તલસ્પર્શી (૧૧) નારાયણબલિ (૧૨) વિતરાગ (૧૩) જમીનદાર (૧૪) ઉપરાણું (૧૫) રાય (૧૮) રસમ

# ભાજપની સંસદીય બોર્ડની આજે બેઠક : મોદી દિલ્હી જશે

અમદાવાદ, તા. ૨૦

ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની મહત્વની બેઠક રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહના અધ્યક્ષસ્થાને આવતીકાલે નવીદિલ્હીમાં યોજાશે આ બેઠકમાં ભાગ લેવા માટે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે દિલ્હી જવા રવાના થશે તેમ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ દ્વારા આગામી લોકસભાની ચૂંટણી માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ ગઈકાલે જ તેમની ટીમની જાહેરાત કરી હતી જેમાં મોદીના ખાસ ગણાતા અમીત શાહને ઉત્તરપ્રદેશના પ્રભારી બનાવવામાં આવ્યા છે. જ્યારે સ્મૃતિ ઈરાનીને ગોવાના પ્રભારી બનાવ્યા છે.

ઓમ માથુરને ફરીવાર ગુજરાતનો હવાલો સોંપવામાં આવ્યો છે. આમ નરેન્દ્ર મોદીના કહેવા પ્રમાણે જ આગેવાનોને સ્થાન અપાતા પક્ષમાં મોદીનું મહત્વ પણ વધ્યું છે.

આવતીકાલે નવી દિલ્હીમાં ભાજપની સંસદીય બોર્ડની બેઠક મળી રહી છે. જેમાં અડવાણી, સુષ્માસ્વરાજ, અરૂણ જેટલી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે આ બેઠકમાં ભાગ લેવા માટે નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હી જવા રવાના થશે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેકટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

# ઈશરત કેસ : સીબીઆઈ આજે ચાર્જશીટ રજુ કરી શકે

રાજયભરમાં ચકચાર મચાવનાર ઈશરત જહાઁ એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા આરોપીઓ સામે તપાસનો સમયગાળો પૂર્ણ થતો હોવાથી સીબીઆઈ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરશે. સીબીઆઈએ આ કેસમાં જી.એલ. સિંઘલની ૨૧મી ફેબ્રુઆરીના રોજ ધરપકડ કરી હતી. જે ધરપકડને ૨૧મી મે ના રોજ ૭૦ દિવસ પુરા થતાં હોઈ સીબીઆઈ ચાર્જશીટ રજુ કરશે.

ઈશરત જહાઁ એન્કાઉન્ટર કેસની કે વર્ષ ૨૦૦૪માં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ચાર ત્રાસવાદીઓ આવી રહ્યા હોવાની બાતમીનો આધાર લઈ એટીએસ અને શહેર ક્રાઈમ બ્રાન્ચ ઈશરત જહાઁ સહિત ચાર શખ્સોને એન્કાઉન્ટરમાં ઠાર મારી નાંખ્યા હતા. આ કેસમાં સીબીઆઈએ આઈ.જી. કક્ષાના આઈ.પી.એસ. ગીરીશ સિંઘલ, ડી.વાય.એસ.પી. જે.જી. પરમાર, તરૂણ બારોટ, પી.આઈ, ભરત પટેલ પોલીસ કમાન્ડો અંજુમ ચૌધરી અને ડી.વાય.એસ.પી. નરેન્દ્ર અમીનની ધરપકડ કરી કાર્યવાહી કરી હતી.

### વરસતા અગનગોળા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી રહ્યા છે. ગૃહિણીઓ તો સવારે દસ વાગ્યાથી સાંજે પાંચ-છ વાગ્યા સુધી ઘરના તમામ બારી-બારણા બંધ રાખીને બેસી રહે છે. વેકેશન હોવા છતાં બાળકો ઘરની બહાર નીકળતા નથી. બાળકો આખો દિવસ ઘરમાં રહી ટીવી, વિડીયોગેમ રમતા રહે છે. છેક સાંજે સાત-આઠ વાગે બગીચાઓ બાળકોથી ભરપુર બને છે. જો કે સાંજે ફુંકાતો પવન પણ લુ વહાવે છે. બપોરે તો માર્ગો પરનો ડામર પણ પીગળી જાય તેવી ગરમી પડે છે. એસીની ઠંડક પણ રાહત આપતી નથી. રાત્રે લઘુત્તમ તાપમાન ૨૮.૫ ડિગ્રી જેટલું ઉંચુ રહેતા વસાહતીઓ રાત્રે પણ ગરમીના કારણે હેરાન થાય છે. ગરમીથી રાહત મેળવવા અને કુદરતી પવનનો અનુભવ મેળવવા વસાહતીઓ બગીચાઓમાં, ફુવારાની નજીક અને માર્ગો પર મોડી રાત સુધી ટહેલતા નજરે પડે છે.

ઠંડા પીણા, આઈસ્ક્રીમ, તરબુચ, ટેટી જેવી ગરમીથી રાહત આપતી ચીજવસ્તુઓનું વેચાણ વધી ગયું છે. ઠંડા પીણા અને આઈસ્ક્રીમ પાર્લરો પર મોડી રાત સુધી ભીડ જામેલી રહે છે. હજુ ત્રણ-ચાર દિવસ આવી જ ગરમી પડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ઘરની બહાર ન નીકળતા અને માથુ, હાથ-પગ ઢાંકેલા રાખવા સૂચના અપાઈ છે.

### ડેપ્યુટી મેયરપદે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

નામની દરખાસ્ત પર મતદાન થયું હતું. જેમાં કોંગ્રેસના ૧૫ સભ્યોએ મતદાન કર્યું હતું. આમ બે મતની સરસાઈથી શ્રી સુભાષ પાંડવની વરણી કરવામાં આવી હતી અને તેમને વિધિવત્ ચૂંટાયેલા જાહેર કરી તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળવા મેયરશ્રી રાણાએ જણાવ્યું હતું.

શ્રી સુભાષ પાંડવ તેમના સ્થાનેથી ઉભા થઈને ડે. મેયરની ખુરશી સુધી પહોંચ્યા ત્યારે ભાજપના સભ્યોએ તેમના પર અભિનંદનની ઝડીઓ વરસાવી હતી. નિવૃત્ત થતા ડે. મેયરશ્રી યુસુફ પરમારે તેમને હસ્તધૂનન કરી અને સ્થાન આપી અભિનંદન આપ્યા હતા. આ પછી મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને મ્યુનિ. કમિશનર શ્રી એલ.પી. પાડલિયાએ તેમને પુષ્પગુચ્છ આપી અભિનંદન આપ્યા હતા.

ચૂંટણીની આ પ્રક્રિયા હાથ ધરતાં પૂર્વે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ ગુજરાતની વડી અદાલતે આપેલા વચગાળાના હુકમનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતું કે આજે આ ચૂંટણી યોજવાની મંજૂરી સક્ષમ અધિકારીની કોર્ટમાં ચાલતા પક્ષાંતરના કેસના ચુકાદાને આધીન રહેવાની શરતે આપવામાં આવી છે.

માત્ર ગણતરીની જ મિનિટોમાં સામાન્યસભાની કાર્યવાહી સંપન્ન થઈ ગઈ હતી. આજની સામાન્ય સભામાં કોંગ્રેસના શ્રી પ્રવિણ પટેલ અને શ્રી ચીમનભાઈ વિંઝુડાએ કેટલીક રજુઆતો માટે ઉભા થયા હતા પરંતુ મેયરશ્રી રાણાએ તેમને મંજૂરી આપી ન હતી અને માત્ર ને માત્ર એજન્ડા પરની કાર્યવાહી જ કરવા જણાવ્યું હતું.

ચીમનભાઈ વિંઝુડાએ જણાવ્યું કે સુભાષભાઈએ તો એફીડેવીટ કરી જ છે કે તેઓ કોંગ્રેસમાં છે એટલે એમને અભિનંદન આપવાની વાત કરવી છે ત્યારે ભાજપના સભ્યોએ કહ્યું હતું કે તો કેસ પાછો ખેંચી લો ને ? જો કે આ દરમ્યાન સભા સંપન્ન થયાની મેયરે જાહેરાત કરી દીધી હતી. આ પછી ભાજપના કાઉન્સીલરોએ વ્યક્તીગત મળી શ્રી પાંડવને અભિનંદન આપ્યા હતા.

### પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેબસાઈટની હીટ વધી ગઈ છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ દિવસે જુદી જુદી સંસ્થાઓના પ્રવેશ ફોર્મ મેળવવા ધક્કા ખાઈ રહ્યા છે તો રાત્રે જુદી જુદી વેબસાઈટ સર્ચ કરી માહિતી એકત્ર કરી રહ્યા છે અને ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી રહ્યા છે. પ્રવેશ માટેની ચર્ચાઓએ આજકાલ ભારે જોર પકડ્યું છે. જુના વિદ્યાર્થીઓના અભિપ્રાયો પણ મેળવાઈ રહ્યા છે. એડમિશનનું મિશન પાર પાડવા માટે વાલીઓ-વિદ્યાર્થીઓ ખુબ ધોડધામ કરી રહ્યા છે.

**જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૩-૨૦૧૪**

આથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ગાંધીનગર જિલ્લા પેટા વિભાગ, પાટનગર યોજના ભવન, બીજો માળ, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૨૧૫ દ્વારા કલોલ લેબર કોર્ટના સર્વર રૂમમાં પાર્ટલી ગ્લેઝ્ડ તેમજ પાર્ટલી પેનલ પાર્ટીશન પુરું પાડી ફીટ કરવાનું કામ માટેના કામનું ટેન્ડર માંગવાનું નક્કી કરેલ છે. જેની ટેન્ડર ફી રૂ. ૩૦૦/- રાખવામાં આવેલ છે. જે ટેન્ડરો અનુભવ ધરાવતી એજન્સી પાસેથી વિગતવાર નિવિદા મુજબ માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨૮/૫/૨૦૧૩ છે. ભાવ ભરેલા ટેન્ડર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તા. ૫/૬/૨૦૧૩ છે. આ કામની વિગતવાર નિવિદામાં ટેન્ડર કોપી મેળવવાની અરજી સાથે સામેલ કરવાના દસ્તાવેજોની યાદી આ કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવે છે. આ નિવિદા અંગેની વધુ વિગતો માટે આ કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતી એજન્સીઓએ રૂબરૂમાં સપર્ક સાધવા વિનંતી.

માહિતી/૩૭૭/૧૩-૧૪